**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,**
**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,**
**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.**

**સમક્ષ**

**કેસ નં. એમ.જી. IV-૧૨૪-૨૦૧૪-૧૫**

અરજદાર: શ્રી ઇબ્રાહીમ અબ્દુલગની શેખ,
રહે. મસ્જીદ ફળીયું, મુ. તેજપુર પાવી,
જી.: છોટા ઉદેપુર.

રજુઆત કરનાર: શ્રી ઇબ્રાહીમ અબ્દુલગની શેખ જાતે

સામાવાળા: નાયબ ઇજનેર
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,
કરજણ-૨ સબ-ડિવિઝન.

રજુઆત કરનાર: શ્રી દિપક જી. જેઠરા, નાયબ એન્જીનીયર, કરજણ-૨ સબ-ડિવિઝન.

ફરીયાદીની તા. ૧૩.૦૩.૨૦૧૫ની ઘરવપરાશનુ વીજ જોડાણ મેળવવા બાબતની અરજી.

ફરિયાદીની ફરિયાદ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ નડિયાદ મુકામે તા. ૧૦.૦૪.૧૫ ના રોજ સાંભળવામાં આવી. જેમાં ફરીયાદી તરફે ફરિયાદી શ્રી ઇબ્રાહીમ અબ્દુલગની શેખ જાતે તથા સામાવાળા એમજીવીસીએલ તરફે શ્રી દિપક જી. જેઠરા, નાયબ એન્જીનીયર, કરજણ-૨ સબ-ડિવિઝન ના હાજર રહ્યા. બન્ને પક્ષકારોને સાંભળ્યા.

ફરીયાદીની ટૂંકમાં વિગત એવી છે કે,

૧. ફરિયાદીની માલિકીનું મકાન વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના કરજણ ગામના નવા બજાર વિસ્તારમાં અણસ્તુ રોડ ઉપર હુસેન ટેકરી વિસ્તારમાં આવેલ છે. ત્યાં હાલમાં ફરિયાદીની બે વિધવા બહેનો રહે છે. આ મકાનમાં રહેણાંક હેતુ વીજ જોડાણ મેળવવા ફરિયાદીએ સામાવાળાને નિયત નમૂના મુજબની અરજી લગભગ બે વર્ષ અગાઉ એટલે કે એપ્રિલ-૨૦૧૨ માં કરેલ.

૨. અરજી સાથે ફરિયાદીએ રૂા. ૩,૮૫૦/- (અંકે રૂા. ત્રણ હજાર આઠસો પચાસ પૂરા) સામાવાળા કચેરીમાં કૂલ ચાર મની રીસીપ્ટથી જમા કરાવેલ. તેમ છતાં સામાવાળાએ વીજ જોડાણ આપેલ નથી.

૩. વધુમાં ફરિયાદીએ એવી પણ તકરાર લીધેલ છે કે સામાવાળાના જણાવ્યા મુજબ રૂા. ૬૧૦/- (અંકે રૂા. છસો દસ પૂરા) તા. ૩૦.૦૧.૨૦૧૫ ના રોજ રસીદ નં. ૭૩૧૩૬૦ થી જમા કરાવેલ છે. સામાવાળાએ રૂા. ૬૧૦/- કયા કારણોસર ભરપાઇ કરવાના થયા છે તેના કારણોનો લેખિત જવાબ આપવાનો ઇન્કાર કરેલ છે. ફરિયાદીએ રૂા. ૬૧૦/- સામાવાળા પાસેથી પરત મેળવવા તેમજ વીજ જોડાણ મેળવવા માંગણી કરેલ છે.

ફરિયાદી તરફે ફરિયાદી શ્રી ઇબ્રાહીમ અબ્દુલગની શેખ જાતે હાજર રહ્યા અને જણાવ્યું કે અમોએ સામાવાળાને વારંવાર મૌખિક વિનંતી કરી વીજ જોડાણ આપવા જણાવેલ. તેઓના બે વિધવા બહેનો એ મકાનમાં રહે છે જ્યાં વીજ કનેક્શન માંગવામાં આવેલ છે. ફરિયાદીના ભાઇશ્રી મુસ્તાક અબ્દુલગની શેખ કનેક્શન આપવા સામે વાંધો લે છે. મકાન ફરિયાદી શ્રી ઇબ્રાહીમ અબ્દુલગની શેખ તથા તેઓની બે વિધવા બહેનો નામે હાજરાબીબી અબ્દુલગની શેખ અને બાનુબીબી અબ્દુલગની શેખ ના નામે છે. ફરિયાદી શ્રી ઇબ્રાહીમ

અબ્દુલગની શેખના નામે કનેક્શન માંગવામાં આવેલ છે. બંને બહેનોએ કનેક્શન આપવા માટે સંમતિ આપેલ છે.

સામાવાળા તરફે શ્રી દિપક જી. જેઠરા, નાયબ એન્જીનીયર હાજર રહ્યા અને જણાવ્યું કે ફરિયાદીએ વીજ કનેક્શન મેળવવા તા. ૨૫.૦૪.૨૦૧૨ ના રોજ અરજ કરેલ. તા. ૩૦.૦૪.૨૦૧૨ ના રોજ એસ્ટીમેટ આપવા માં આવેલ. તા. ૧૧.૦૫.૨૦૧૨ ના રોજ એસ્ટીમેટ ટેસ્ટ રીપોર્ટ સાથે ભરપાઇ કરવામાં આવેલ. વીજ જોડાણ માટે ફરિયાદીના ભાઇએ વાંધો લીધેલ. લેખિતમાં વાંધો લીધેલ નથી. ફરિયાદીના ભાઇનો વાંધો ધ્યાને લઇ ને વીજ જોડાણ આપવામાં આવેલ નહીં. મકાન ફરિયાદીના નામ પર છે અને તેઓના કબજામાં છે. ફરિયાદીનું વીજ કનેક્શન જોડેલ નથી પરંતુ ફરિયાદીએ ટેસ્ટ રીપોર્ટ આપેલ હોઇ ફરિયાદીનું કનેક્શન અનકનેક્ટેડ રીલીઝ કનેક્શન કહેવાય. જેથી મીનીમમ ચાર્જના રૂા. ૬૧૦/- ફરિયાદીએ ચૂકવવાના થાય.

ફોરમના સભ્યો સુનવણી દરમ્યાન હાજર રહ્યા. બન્ને પક્ષકારોને સાંભળ્યા તથા બન્ને પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાની ચકાસણી કરી. ફરિયાદીએ સુનવણી દરમ્યાન રજૂઆત કરેલ છે કે, ફરિયાદીએ જે મકાન માટે વીજ જોડાણ માંગેલ છે તે મકાન ફરિયાદી તથા તેઓની બે વિધવા બહેનોના સંયુક્ત નામે છે. ફરિયાદીએ પોતાના નામે વીજ કનેક્શન મેળવવા માંગણી કરેલ છે. તેઓની બંને બહેનોએ વીજ કનેક્શન મેળવવા સંમતિ આપેલ છે. સામાવાળા વીજ કનેક્શન આપવા માટે ગયા ત્યારે ફરિયાદીના ભાઇએ વાંધો લીધેલ છે. ફરિયાદીના ભાઇ મકાનના માલિક નથી કે તેમનો મકાનમાં હક્ક હિસ્સો નથી. તેમ છતાં વીજ કનેક્શન આપવા સામે વાંધો લીધેલ છે. જે કાયદેસર ચાલી શકે નહિં. મકાનના માલિક ફરિયાદી જાતે તથા તેઓની બે બહેનો છે. તેથી ફરિયાદીના ભાઇનો વાંધો ચાલી શકે નહીં. તેમ છતાં સામાવાળાએ ફરિયાદીના ભાઇનો વાંધો ધ્યાને લઇ વીજ જોડાણ આપેલ નથી. તે કાયદેસર નથી. તેથી ફરિયાદીને વીજ જોડાણ આપવું જોઇએ. વધુમાં, સામાવાળાએ રૂા. ૬૧૦/- મીનીમમ ચાર્જના અનકનેક્ટેડ રીલીઝ ગણીને વસુલ કરેલ છે. જે કાયદેસર નથી અને પરત આપવા જોઇએ. તેવું ઠરાવી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

સામાવાળા એમ.જી.વી.સી.એલ. ના ને હુકમ કરવામાં આવે છે કે ફરિયાદી શ્રી ઇબ્રાહીમ અબ્દુલગની શેખને વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના કરજણ ગામના નવા બજાર વિસ્તારમાં અણસ્તુ રોડ ઉપર હુસેન ટેકરી વિસ્તારમાં આવેલ મકાનમાં વીજ જોડાણ તાત્કાલિક અસરથી જોડી આપવું અને રૂા. ૬૧૦/- બીલમાં મજરે આપવા.

| (એ. જી. શાહ) | (હર્ષા એસ. ચૌહાણ) | (પી. જે. પટેલ) |
|---|---|---|
| ટેકનિકલ મેમ્બર | ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર | ચેરપરસન |

આપને ફોરમના ઉપરોક્ત ઓર્ડરથી અસંતોષ હોય તો આપ સ્ટાફ ઓફિસર, ઇલેક્ટ્રીસીટી ઓમ્બડસમેન્ટની ઓફિસ, ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન, બેરેક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. જીઇઆરસી નોટીફિકેશન ૨૦૧૫ ના નોટીફિકેશન નં. ૪ ના ચેપ્ટર નં. ૫ ના ક્લોઝ નં. ૧૩ મુજબ. ઓમ્બડસમેન્ટ સમક્ષ રજૂઆત કરી શકો છો.

<u>વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂઆત કરવાની કાર્ય પદ્ધતિ:</u>

(૧) ફોરમના હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર વિદ્યુત લોકપાલને રજુઆત કરવી આવશ્યક છે.

(૨) અરજી વિદ્યુત લોકપાલની ઓફિસે મોકલવી તથા તે અરજીની નકલ તમામ સામાવાળા પક્ષકારોને આપવાની રહેશે.

(૩) ફરિયાદીના નામ / સરનામા સાથે સહીવાળી લેખિત રજૂઆત કરવી.

(૪) રજૂઆત સોગંદનામા સહિત હોવી જરૂરી છે.

(૫) ફોરમ સમક્ષ કરેલ અરજી તથા ફોરમે કરેલ હુકમની ખરી નકલ બિડાણ કરવાની રહેશે. અરજી સાથે ખરાઇ (સર્ટીફાઇડ) કરેલ દસ્તાવેજો જોડવા જરૂરી છે.

(૬) ફોરમના હુકમ મુજબ ફરિયાદીને જો કોઇ રકમ ભરપાઇ કરવાની થતી હોય તો તે રકમના ત્રીજા ભાગની રકમ ભરપાઇ કરી તેના પુરાવા અરજી સાથે બિડવાના રહેશે.

(૭) સદર ફરિયાદ કોઇ પણ સક્ષમ ફોરમ અથવા કોઇ પણ કોર્ટ, ટ્રીબ્યુનલ, આરબીટ્રેટર, કે અન્ય કોઇ ઓથોરીટી સમક્ષ પડતર ન હોવી જોઇએ.

(૮) બધી જ રજૂઆતો પ્રથમદર્શીય નુકશાન અને અગવડતાના સંદર્ભમાં પુરતા અને વાજબી કારણોસરની હોવી જોઇએ.

(૯) રજુઆત અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં કરી શકાશે.